# PATIAL MANUAL EXCHANGE BLOOD TRANSFUSION IN SICKLE CELL CRISIS

**Info Dahod GoG**

1s ·

સીકલસેલ એનીમીયાની ગંભીર બિમારી : સગર્ભાવસ્થાના પ્રારંભમાં જ માતાએ ચેક અપ કરાવવું જરૂરી

૦૦૦

ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં ૮૫ લાખની વસ્તીએ ૧૦ ટકાને સીકલસેલ તેમજ ૭૦ હજારથી વધુને ગંભીર સીકલસેલ

૦૦૦

દાહોદનાં પ્રિયકાંબેનને સગર્ભાવસ્થાના અંતિમ તબ... વધુ જુઓ





ભાસ્કર ઈનસાઈટ | સીકલસેલથી પીડાઈ રહેલી સગર્ભાનો જીવ બચાવવા આખરી ઉપાય કારગત નિવડ્યો

## દાહોદ જિ.માં પ્રથમ વખત 'સિમ્પલ પાર્શિયલ મેન્યુઅલ બ્લડ એક્સચેન્જ' થેરેપીનો ઉપયોગ

મહિલાની સફળ પ્રસૂતિ

માતા-બાળક બંનેનો જીવ બચી ગયો

'સિમ્પલ પાર્શિયલ મેન્યુઅલ બ્લડ એક્સચેન્જ' થેરેપીમાં એક તરફથી ફ્રેશ બ્લડ ચઢાવાય છે, બીજી તરફથી સલાઇન ચઢાવી બ્લડ કઢાય છે

### સૌથી વધુ 4500 લોકો પીડિત

### બ્લડ સેલ દાંતરડા આકારના બને છે

### સીકલસેલની બીમારી જાણવા પહેલાં બ્લડ રિપોર્ટ, પછી વર-વધૂના લગ્ન

વર-વધૂમાંથી કોઈ પણ એક વાહક હોય તો તેમના થકી જન્મનાર નવજાત પણ વાહક હોવાની શક્યતા વધુ રહે છે

# PATIAL MANUAL EXCHANGE BLOOD TRANSFUSION IN SICKLE CELL CRISIS



झाबुआ-आलीराजपुर भास्कर

चूना, गुड़ का शीरा, उड़द, कबीट का पानी, जूट के मसाले से हो रहा प्राचीन बावड़ी का जीर्णोद्धार

पायलट प्रोजेक्ट - सिकलसेल एनीमिया से लड़ने के लिए झाबुआ-आलीराजपुर में चल रहा सबसे बड़ा अभियान

दो महीनों में 1.41 लाख टेस्ट किए, 7003 पीड़ित मिले, इन्हें स्पेशल वार्ड में भर्ती कर चढ़ा रहे ब्लड

करंट लगने से मोर की मौत

दुर्घटना में बाइक सवार महिला की मौत, जिस कार से टकराए उसका चालक अस्पताल लाया, यहां भीड़ ने उसे ही पीट दिया

छोटे गांव की बेटी ने निभाया बेटे का फर्ज, मां की चिता को दी मुखाग्नि

दो साल बाद आयोजित होगा चांदशाह, गुलाबशाह वली का उर्स



3 તા.૦૭/૦૫/૨૦૨૨ શનિવાર

દાહોદ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા

## સીકલસેલ એનીમીયાની ગંભીર બિમારી : સગર્ભાવસ્થાના પ્રારંભમાં જ માતાએ ચેકઅપ કરાવવું જરૂરી

દાહોદ,

ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં ૮૫ લાખની વસ્તીએ ૧૦ ટકાને સીકલસેલ એનીમીયા તેમજ ૭૦ હજાર જેટલા લોકોને ગંભીર સીકલસેલ એનીમીયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ગત મહિને દાહોદ ખાતેના આદિજાતિ મહાસંમેલન કાર્યક્રમમાં આદિજાતિ વિસ્તારોમાં આ રોગની ગંભીરતા વિશે વાત કરી હતી અને રાજ્ય સરકાર દ્વારા આ બિમારી સામે લડવા માટે વૈજ્ઞાનિક સંશોધનો કરાઈ રહ્યાં હોવા વિશે જણાવ્યું હતું.

માતાને પ્રસુતિ પહેલા કરવામાં આવતા મહત્વપૂર્ણ ચેકઅપથી માતા બાળકને ઘણા મોટા રોગ તેમજ ગંભીર સમસ્યાઓથી બચાવી શકાય છે. સીકલસેલ ડિસીઝ માટે પણ દરેક માતાએ અગાઉથી નિદાન કરાવી લેવું જોઈએ. કારણ કે આ રોગ માતાબાળક બન્ને માટે પ્રાણઘાતક બની શકે છે.

સિકલસેલનો રોગ છે જિનેટીક પરંતુ આદિજાતિ વિસ્તારોમાં આ રોગનું પ્રમાણ ઘણું વધારે જોવા મળે છે. ખાસ કરીને સગર્ભા માતા માટે આ રોગ જીવલેણ પણ બની શકે છે.

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદની પડવાલ પુમન્સ હોસ્પીટલના ડો. રાહુલ પડવાલ સીકલસેલ વિશે જણાવતા કહે છે કે, શરીરના અંગો વ્યવસ્થિત કામગીરી કરે તે માટે તેમના સુધી બ્લડ પહોંચવું ખૂબ જરૂરી છે. પરંતુ સિકલસેલમાં બ્લડ સેલ દાંતરડા આકારના બની જાય છે. પરિણામે તે શરીરના અંગોને બ્લડ મળતું બંધ થાય છે. જે અંગમાં બ્લડ પહોંચતું બંધ થાય ત્યાં ભયંકર પીડા ઉપડે છે અને તે અંગ ફેઈલ થઈ શકે છે.

પડવાલ હોસ્પીટલ ખાતે જ તાજેતરમાં જ એક સગર્ભા મહિલાની સારવાર કરવામાં આવી છે. જેમાં સીકલસેલ કાઈસીસની ગંભીર સ્થિતિ છતાં માતા બાળકને બચાવી લેવાયા હતા. દાહોદનાં ઉકરડી ખાતે રહેતા પ્રિયકાં ડામોર સગર્ભાવસ્થાના છેલ્લા તબક્કામાં અહીંની હોસ્પીટલ ખાતે આવ્યા હતા. જ્યાં લેબર પેઈન શરૂ થઈ જતા સાથે સીકલસેલ કાઈસીસની સ્થિતિ ઉભી થઈ હતી. એટલે કે પ્રિયકાંબેનના શરીરમાં વિવિધ અંગો સુધી પૂરતા પ્રમાણમાં લોહી પહોંચી નહોતું રહ્યું.

પ્રિયકાંબેનને આખા શરીરમાં અસહ્ય દુખાવો થવા લાગ્યો. ડો. પડવાલે હિમેટોલોજીસ્ટની ટેલીમેડીસીન દ્વારા સલાહ લઈને સિમ્પલ પાર્શીયલ મેન્યુઅલ બ્લડ એક્સચેન્જ થેરેપી દ્વારા સારવાર શરૂ કરી. જેમાં એક તરફથી ફ્રેશ બ્લડ ચઢાવવામાં આવે છે તથા બીજી તરફથી સલાઈન ચઢાવી બ્લડ કાઢી લેવામાં આવે છે. બે બેહોશીના ડોક્ટર, ફીઝીશયન ડોક્ટર સહિતની ટીમ દ્વારા ભારે જહેમત બાદ માતાની સલામત ડીલીવરી કરી શકાઈ અને બાળકને પણ બચાવી શકાયું.

ડો. પડવાલ જણાવે છે કે, સીકલસેલમાં શરીરનું કોઈ પણ અંગ ફેઈલ થઈ શકે છે. કીડની, મગજ, હાર્ટ જેવા મહત્વના અંગો સુધી બ્લડ ના પહોંચે તો તે પણ ફેઈલ થઈ શકે છે. માટે સીકલસેલથી પીડીત મહિલાએ તમામ પ્રકારની સુવિધા પ્રાપ્ત હોય એવા દવાખાનામાં જ દાખલ થવું જોઈએ. તેમજ સગર્ભાવસ્થાના પ્રારંભના સમયે જ આ માટેનો ટેસ્ટ કરાવી સીકલ સેલ સાદો છે કે ભારે છે તે જાણી લેવું જોઈએ. એ ઉપરાંત પતિ-પત્નીના બંનેના રીપોર્ટ પણ કરાવી લેવા જોઈએ. ઉપરાંત સગર્ભા મહિલાએ નવ મહિના દરમિયાન બ્લડ ટ્રાન્સફ્યુઝન કરાવવા પડે. સીકલસેલ વિશે જાગૃકતા લાવવા સરકાર દ્વારા પણ સીકલસેલ એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામ ચાલી રહ્યો છે. જેથી લોકો આ ગંભીર બિમારી વિશે જાગૃત બને.